## સંક્ષિપ્ત સમાચાર

### ગુર્જરભવાલીમાં ભંભોડી સાપનું રેસ્ક્યુ



કુકરમુંડાઃ કુકરમુંડાના ગુર્જરભવાલીમાં સંદીપ ઠાકરેના ઘરમાંથી 'ભંભોડી' (કોમન સેન્ડ બોવા) નામનો બિનઝેરી સાપ મળી આવ્યો હતો. સ્નેક રેસ્ક્યુઅર સૂરજ વળવીએ સ્થળ પર પહોંચી સાપનું રેસ્ક્યુ કરી તેને કુદરતી રહેઠાણમાં મુક્ત કર્યો હતો. તેમણે સાપને મારવાને બદલે સ્નેક રેસ્ક્યુઅરની મદદ લઈ વન્યજીવોનું સંરક્ષણ કરવા લોકોને અપીલ કરી હતી.

### કુદિયાણાના ફાર્મ હાઉસમાં ચોરી

સાયણઃ કુદિયાણામાં આવેલા 'સિદ્ધનાથ હોમ્સ ફાર્મહાઉસ'માંથી અજાણ્યા તસ્કરો રૂ.૧.૧૫ લાખની મતા ચોરી ફરાર થઈ ગયા હતા. મૂળ સૌરાષ્ટ્ર અને હાલ સુરત રહેતા કિરણભાઈ આંબલીયાના આ ફાર્મહાઉસમાં વોચમેન તરીકે નોકરી કરતા વિપિનભાઈ કોળીએ મંગળવારે ફાર્મહાઉસની લોખંડની ગ્રીલ અને દરવાજો તૂટેલો જોયો હતો. સામાનની ચકાસણી કરતાં રૂ.૨૫,૦૦૦ની કિંમતની ગ્રીલ-દરવાજો તથા રૂ.૯૦,૦૦૦નું લાઈટનું જનરેટર ચોરાયું હોવાનું જણાયું હતું. ફાર્મહાઉસના માલિકની સૂચનાથી વોચમેને અજાણ્યા ચોરો વિરુદ્ધ ઓલપાડ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### મઢી ગામે વરલી મટકાનો જુગાર રમાડતા બે ઝડપાયા

પલસાણાઃ સુરત જિલ્લા એલ.સી.બી. પોલીસે બારડોલીના મઢીમાં કાકરાપાર નહેર કિનારે વરલી મટકાનો જુગાર રમાડતા બે ઈસમને રંગેહાથ ઝડપી પાડ્યા હતા. પોલીસે દરોડો પાડી શંકરભાઈ બાલુભાઈ રાઠોડ અને મહેશભાઈ દિનેશભાઈ રાઠોડની ધરપકડ કરી હતી. સ્થળ પરથી રોકડા રૂપિયા ૧૨,૫૦૦, જુગારની બુકો અને અન્ય સાહિત્ય કબજે કરવામાં આવ્યું છે. પોલીસે બંને આરોપી વિરુદ્ધ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

### વાલોડમાં યુવક સાથે છેતરપિંડી

વાલોડઃ વાલોડમાં ૨૫ વર્ષીય ખેડૂત યુવક સાયબર ઠગાઈનો શિકાર બન્યો છે. અજાણી મહિલાએ વોટ્સએપ વિડીયો કોલ કરી અશ્લીલ રેકોર્ડિંગ કર્યું હતું. ત્યારબાદ એક ગઠિયાએ નકલી સાયબર પોલીસ (પ્રમોદ રાઠોડ-સાયબર ક્રાઇમ પોલીસ) બની આ વિડીયો યુટ્યુબ પર વાયરલ કરવાની ધમકી આપી હતી. બાદ યુવક પાસેથી ગૂગલ-પે મારફતે રૂ.૧૦,૦૦૦ પડાવી લીધા હતા. આ મામલે વાલોડ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

### કઠવાડા પાસે 10 લાખનો દારૂ ઝડપાયો

હથોડાઃ કઠવાડા ગામે ગાંધીનગર SMCએ દરોડો પાડી 10 લાખના વિદેશી દારૂ, ઇનોવા ગાડી અને બાઇક મળી 21 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. મુખ્ય બુટલેગર ધર્મેશ વસાવા સહિત 10 ઇસમ ભાગી જતાં તેમને વોન્ટેડ જાહેર કરાયા છે. અગાઉ 16 લાખનો દારૂ પકડાયા બાદ ટૂંક સમયમાં જ બીજી રેડ થતાં, માત્ર દેશી દારૂના નાના કેસો કરતી કોસંબા પોલીસની કામગીરી સામે ગંભીર સવાલો ઊભા થતાં ફફડાટ વ્યાપ્યો છે.

### આંગલધરામાં કરંટ લાગતાં વાંસદાના યુવકનું મોત

અનાવલઃ મહુવાના આંગલધરા ગામે ખાડીના પુલ પાસે માછલી પકડવા ગયેલા વાંસદાના ભિનાર ગામના ૩૦ વર્ષીય વૈભવકુમાર સતીષભાઈ પટેલને વીજ કરંટ લાગ્યો હતો. આથી તેઓ બેભાન થઈ ઢળી પડ્યા હતા. ૧૦૮ મારફતે અનાવલ સરકારી હોસ્પિટલ ખસેડાતાં તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### વરજાખણમાં ગાંજા સાથે આરોપી ઝડપાયો

વ્યારાઃ તાપી SOG અને ડોલવણ પોલીસે ૨૮ જુલાઈએ વરજાખણમાંથી મિલન ડાહ્યાભાઈ પટેલને ૩૩૪ ગ્રામ ગાંજા (કિં.રૂ.૧૬,૭૦૦) સાથે ઝડપી પાડ્યો છે. પોલીસે રૂ. ૨૧,૯૦૦નો મુદ્દામાલ કબ્જે કરી આરોપી વિરુદ્ધ ગુનો નોંધી તપાસ આદરી છે.

### કીમમાં અકસ્માતમાં બાઈકચાલકનું મોત



કીમઃ ઓલપાડના મુળદ ગામે જીવનધારા સોસાયટી સામે વડોલીથી કીમ તરફ જતાં માર્ગ પર બુધવારે સવારે સર્જાયેલા હિટ એન્ડ રન અકસ્માતમાં બાઈકચાલકનું મોત થયું હતું. તા. 29 જુલાઈ, 2026ના રોજ સવારે અંદાજે 9:30 વાગ્યે અજાણ્યા ચાલકે ફોર વ્હીલ (નં. 25 BH 5693 D) ગફલતભરી રીતે હંકારી મોટરસાઈકલ (નં.GJ 05 MY 3873)ને પાછળથી જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માતમાં બાઈકચાલક મુકેશભાઈ રણછોડભાઈ કંથારીયા (ઉ.વ.46) ગંભીર રીતે ઇજાગ્રસ્ત થતાં મોત નીપજ્યું હતું.

### માંડવીમાં કારચાલકે યુવકને અડફેટે લીધો

માંડવીઃ વ્યારાના કણજા ગામે રહેતા વિશાલ કોટવાળીયા પોતાના મિત્રો કલ્પેશ અને સુમિત સાથે અર્ટીકા કાર નં.(GJ-26-AE-4661) લઇ કોસંબા કામ અર્થે ગયા હતા. પરત ફરતી વખતે માંડવી ધોબણી નાકા પાસે આવેલા CNG પંપ પર લાઇન હોવાથી વિશાલ અને તેના મિત્રો ગાડીમાંથી નીચે ઊતરી રોડની સાઇડમાં ચાલી રહ્યા હતા. દરમિયાન સાંજના આશરે સાડા છ વાગ્યાના સુમારે માંડવી તરફથી આવી રહેલી કાળા રંગની મારુતિ બ્રિઝા કાર નં.(GJ-19-BR-9031)ના અજાણ્યા ચાલકે બેદરકારીપૂર્વક ગાડી ચલાવી વિશાલને અડફેટે લીધો હતો. ટક્કર વાગતાં જ વિશાલને માથા તથા ડાબા હાથ પર ગંભીર ઇજા થતાં બેભાન થઇ ગયો હતો. જેને માંડવી અને વ્યારા બાદ વધુ સારવાર માટે સુરત ખસેડાયો હતો.

### નાની દેવરૂપણમાં દુકાનમાલિક સામે કાર્યવાહી

સાગબારાઃ સાગબારા પોલીસે નાની દેવરૂપણ ગામે ચેકિંગ દરમિયાન રાજસ્થાનના અમરચંદ ગુર્જર પાસેથી ભાડા કરારની વિગતો મેળવી હતી. છેલ્લાં ચાર વર્ષથી દુકાન ભાડે આપનાર માલિક રામસિંગભાઈ વસાવાએ ભાડુઆતનું આઈડી પ્રૂફ અને ફોર્મ પોલીસ સ્ટેશનમાં જમા કરાવ્યું ન હતું. નિયમભંગ બદલ પોલીસે દુકાનમાલિક સામે જાહેરનામા ભંગનો ગુનો નોંધી તપાસ અર્થે નોટિસ ફટકારી છે.

**જાહેર નોટીસ - કૌશિક જાદવ, GAS સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ માંડવીની કોર્ટમાં, મુ.માંડવી**

નં.જન્મ-મરણ/અપીલ નં.૨૫૭/૨૦૨૬
તા.૧૯/૦૬/૨૦૨૬

વાદી :- મયુરભાઈ ઉકડીયાભાઈ વસાવા, રહે.વેલાવી, આંબા ફળિયું, તા.ઉમરપાડા, જી.સુરત-૩૯૪૪૪૫

વિરૂધ્ધ

પ્રતિવાદી :- જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી વેલાવી ગ્રા.પં., ગ્રા.પં., તા.ઉમરપાડા, જી.સુરત- ૩૯૪૪૪૫

વિષયઃ- જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩(૩) અન્વયે જન્મની નોંધણી બાબત.

આથી આ જાહેર નોટીશથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદારશ્રી મયુરભાઈ ઉકડીયાભાઈ વસાવા, રહે. વેલાવી, આંબા ફળિયું, તા.ઉમરપાડા, જી.સુરત-૩૯૪૪૪૫એ તેઓના બહેન મેઘાબેન ઉકડીયાભાઈ વસાવાનાં જન્મની નોંધણી જે તે વખતે કરાવવાની રહી ગયેલી છે. જેની નીચેની વિગતે નોંધણી કરવા સામાવાળાને આદેશ કરવા માટેની અરજી અત્રેની કોર્ટમાં આવેલ છે. ૧. નોંધણી કરાવવાની છે તેનું નામ: મેઘાબેન ઉકડીયાભાઈ વસાવા ૨. જન્મ તારીખ: ૨૫/૧૨/૧૯૬૮ ૩. જન્મનું સ્થળ: મોજે.વેલાવી, તા.ઉમરપાડા, જી.સુરત

સબબ, ઉપરોક્ત વિગતે મેઘાબેન ઉકડીયાભાઈ વસાવાના જન્મની નોંધણી કરવા સામાવાળાને અત્રેથી હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં દિન-૩૦માં અથવા આ કામની સુનાવણી તા.૧૭/૦૮/૨૦૨૬ના રોજ વાંધો રજૂ કરવો. જો વાંધો રજૂ કરવામાં નહીં આવે તો કોઈને વાંધો નથી એમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા.૧૯/૦૬/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી (કૌશિક જાદવ)
સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ, માંડવી પ્રાંત, જિ.સુરત

# ઈસરોલી ગામમાં ગટર અને વરસાદી પાણીના ભરાવાથી રોગચાળાનો ભય

**વરસાદે** વિરામ લીધો છતાં મારુતિધામ-૧ સોસાયટીમાં નર્કાગાર



બારડોલીઃ બારડોલી પંથકમાં તાજેતરમાં વરસેલા ભારે વરસાદ બાદ અન્ય વિસ્તારોમાં તો જનજીવન ધીમે ધીમે સામાન્ય બની રહ્યું છે, પરંતુ ઈસરોલી ગામની મારુતિધામ-૧ સોસાયટીના રહીશો માટે મુશ્કેલીઓનો અંત આવ્યો નથી. મેઘવિરામના આટલા દિવસો પછી પણ સોસાયટીમાં ભરાયેલા વરસાદી પાણી અને ગટરોના ગંદા પાણીએ સ્થાનિકોનું જીવવું દોહ્યલું કરી દીધું છે. સોસાયટીમાં વરસાદી પાણીના યોગ્ય નિકાલની કોઈ જ નક્કર વ્યવસ્થા ન હોવાથી ચોમેર ગંદા પાણીના ખાબોચિયા ભરાયેલા જોવા મળે છે. તેમાં પણ ડ્રેનેજ સિસ્ટમ સંપૂર્ણપણે નિષ્ફળ ગઈ હોય તેમ ગટરો ઉભરાઈ રહી છે. આ દૂષિત પાણી અને અસહ્ય દુર્ગંધને પગલે આખા વિસ્તારમાં મચ્છરોનો ત્રાસ અતિશય વધી ગયો છે. આવી નર્કાગાર જેવી સ્થિતિ વચ્ચે ભયંકર રોગચાળો વકરવાની દહેશત સેવાઈ રહી છે, અને પ્રાપ્ત વિગતો અનુસાર સોસાયટીના કેટલાક નાનાં બાળકો તો અત્યારથી જ બીમારીની ઝપેટમાં આવી ગયાં છે.

**વેરા વસૂલવામાં પંચાયત અગ્રેસર, સુવિધાના નામે સાવ મીંડું**

સ્થાનિકોની સીધી ફરિયાદ છે કે પંચાયત દ્વારા તમામ પ્રકારના વેરા સમયસર વસૂલવામાં આવે છે, પરંતુ નાગરિકોને પ્રાથમિક સવલતો પૂરી પાડવામાં તંત્ર શૂન્ય સાબિત થયું છે. આ અંગે સ્થાનિક રહીશ શૈલેષ જોશીએ જણાવ્યું હતું કે, ગંદા પાણીના નિકાલ અને ઉભરાતી ગટરોના પ્રશ્ને ગ્રામ પંચાયતમાં અનેક વખત મૌખિક તેમજ લેખિત રજૂઆતો કરવા છતાં સત્તાધીશો કોઈ જ ધ્યાન આપી રહ્યા નથી. જો વહેલી તકે આ સમસ્યાનો કાયમી ઉકેલ નહીં આવે તો આંદોલન કરવા મજબૂર બનશે.

# પલસાણામાં ગાડીઓ ભાડે રાખવાની લાલચ આપી ૩૭ લાખની છેતરપિંડી

**ટ્રાવેલ્સ** સંચાલક પંકજ ખત્રી સામે ફરિયાદ, ૯ લોકો ભોગ બન્યા

પલસાણાઃ પલસાણાના બગુમરામાં આવેલી સાંઇ ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સના સંચાલક પંકજભાઈ લક્ષ્મણદાસ ખત્રી વિરુદ્ધ લાખો રૂપિયાની છેતરપિંડી અને વિશ્વાસઘાતની ફરિયાદ નોંધાઈ છે. જોળવા ગામમાં રહેતા ૨૯ વર્ષીય યુવાન રમાપતિ કમલકાંત શુક્લાએ આ અંગે પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

આ કેસની વિગત મુજબ આરોપી પંકજ ખત્રીએ ફરિયાદી રમાપતિ શુક્લાને પોતાની ટ્રાવેલ્સ કંપનીમાં ગાડી ભાડે મૂકવા પર મહિને ૪૦,૦૦૦ રૂપિયાનું ઊંચું ભાડું આપવાની લાલચ આપી હતી. આ વિશ્વાસમાં આવીને ફરિયાદીએ ૧૫,૦૦,૦૦૦ રૂપિયાની કિંમતની સેકન્ડ હેન્ડ હ્યુન્ડાઈ ક્રેટા નં.(GJ-08-CS-6548) ગાડી આરોપીને ભાડે આપી હતી. જોકે, આરોપીએ આ ગાડીનું નક્કી કર્યા મુજબનું કોઈ પણ ભાડું ચૂકવ્યું ન હતું અને ગાડી પણ પરત કરી ન હતી. આ ગુનામાં અન્યો પણ ભોગ બન્યા હોવાનું સામે આવ્યું છે. આરોપી પંકજ ખત્રીએ કે. પૂર્ણા ચંદ્રા પ્રધાનની ૮,૫૦,૦૦૦ રૂપિયાની મહિન્દ્રા એસ.યુ.વી-૩૦૦ (GJ-06PF1172) અને પ્રદીપ શિવશંકર તિવારીની ૫,૦૦,૦૦૦ રૂપિયાની મહિન્દ્રા થાર (GJ01WL9349) ગાડી પણ ભાડા પેટે મેળવીને પરત આપી ન હતી. આ રીતે આરોપીએ કુલ ત્રણ વ્યક્તિની ૨૮,૫૦,૦૦૦ રૂપિયાની કિંમતની ત્રણ ગાડીઓ પડાવી લીધી છે. ઉપરાંત ટ્રાવેલ્સ એજન્સીમાં નવી ડેમો કાર ખરીદીને ઊંચા ભાડે મૂકવાના બહાને આરોપીએ અન્ય ૬ જેટલા લોકો પાસેથી ડાઉન પેમેન્ટના નામે પણ રોકડા રૂપિયા ઉઘરાવ્યા હતા, જેમાં યાદવ શંભુભાઈ વિધાચલ, અમીતભાઈ પારસનાથ યાદવ, રજનીશ રાજેન્દ્ર મિશ્રા, રમેશકુમારસિંગ ત્રિલોકસિંગ અને ઈકબાલ બહાદુર અનસુઈયા પ્રસાદ પાસેથી પ્રત્યેકના દોઢ લાખ રૂપિયા તથા રાહુલસીંગ મીથેલીસીંગ પાસેથી એક લાખ રૂપિયા મળી કુલ ૮,૫૦,૦૦૦ રૂપિયા ઉઘરાવવામાં આવ્યા હતા. પરંતુ આરોપીએ આ રકમમાંથી કોઈ કાર ખરીદી ન હતી અને આ તમામ લોકોના રૂપિયા પણ પરત કર્યા ન હતા. આમ, પચાવી પાડેલી ગાડીઓની કિંમત અને ડાઉન પેમેન્ટના રોકડા રૂપિયા મળી આરોપી પંકજ ખત્રીએ કુલ ૯ લોકો સાથે ૩૭,૦૦,૦૦૦ રૂપિયાનો ગુનાહિત વિશ્વાસઘાત કર્યો છે. આ સમગ્ર મામલે પલસાણા પોલીસે તા.૨૮/૭/૨૦૨૬ના રોજ ગુનો દાખલ કર્યો છે. આ મામલે પોલીસ સબ ઈન્સ્પેક્ટર અજયપાલસિંહ કરણસિંહ રાઉલજી વધુ તપાસ ચલાવી રહ્યા છે.

## વાવ-જોખા રોડ પર હનુમાન મંદિર નજીક દીપડો દેખાતાં ગ્રામજનોમાં ભય

કામરેજઃ કામરેજના વાવ ગામની હદમાં આવેલા વાવ-જોખા મુખ્ય માર્ગ પર વીર વાસા હનુમાન મંદિર નજીક મંગળવારની રાત્રે દીપડો દેખાતા ગ્રામજનોમાં ભયનો માહોલ સર્જાયો છે. મંગળવારે રાત્રે આશરે 10:30 વાગ્યે જોખા ગામનો એક યુવક પોતાના ઘરે જઈ રહ્યો હતો ત્યારે હનુમાન મંદિર નજીક રોડની બાજુમાં પીપળાના ઝાડની બાજુમાં દીપડો નજરે પડ્યો હતો. યુવકે તરત જ વાવ ગામના સરપંચ બાલુભાઈને જાણ કરતાં ગ્રામજનો સ્થળ પર દોડી આવ્યાં હતા. વાવ-જોખા માર્ગ પર રાત્રિના સમયે મોટી સંખ્યામાં લોકો ચાલવા તેમજ અવરજવર માટે નીકળતા હોવાથી દીપડાના દેખાવાથી લોકોમાં ભારે ભય ફેલાયો છે.ગ્રામજનો દ્વારા વન વિભાગને વહેલી તકે જરૂરી કાર્યવાહી કરીને પાંજરું મુકવા અને વિસ્તારમાં પેટ્રોલિંગ વધારવાની માંગ કરવામાં આવી છે.

## દોઢ વર્ષની દીકરીના હત્યા કેસમાં પિતાનો નિર્દોષ છૂટકારો

સોનગઢઃ સોનગઢના કુકડા ડુંગળી ગામે વર્ષ-૨૦૨૫માં બનેલી દોઢ વર્ષની બાળકીની હત્યાના ચકચારી કેસમાં વ્યારા ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ કોર્ટે મહત્ત્વપૂર્ણ ચુકાદો આપ્યો છે. પ્રિન્સિપાલ એન્ડ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ જજ તેજસ આર.દેસાઈની કોર્ટે પિતા વિરલભાઈ રમેશભાઈ ગામીતને શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી મુક્ત કર્યા છે. ફરિયાદ પક્ષનો કેસ મુખ્યત્વે સંજોગોજન્ય પુરાવા 'લાસ્ટ સીન ટુગેધર' અને સ્નિફર ડોગના ટ્રેકિંગ રિપોર્ટ પર આધારિત હતો. જોકે, બચાવ પક્ષના ચીફ એલ.એ.ડી.સી. નિલેશ જે. પટેલે અસરકારક દલીલો રજૂ કરી હતી કે ફરિયાદ પક્ષ કડીઓ જોડવામાં નિષ્ફળ ગયો છે અને સ્નિફર ડોગ તથા રી-કન્સ્ટ્રક્શન પંચનામાના પુરાવા કાયદાકીય રીતે પૂરતા અને મજબૂત નથી. કોર્ટે બચાવ પક્ષની દલીલો માન્ય રાખી પિતાને નિર્દોષ જાહેર કર્યા હતા.

# કડોદરામાં એકાઉન્ટન્ટ સાથે ટેલિગ્રામ ઉપર ઈન્વેસ્ટમેન્ટના નામે છેતરપિંડી

**રૂ.૧.૨૮** લાખની ઠગાઈ કરતાં પોલીસ ફરિયાદ

પલસાણાઃ કડોદરા ખાતે આવેલી જોગીકૃપા રેસિડેન્સીમાં રહેતા અને સચિન જીઆઈડીસીની કંપનીમાં એકાઉન્ટન્ટ તરીકે નોકરી કરતા મૂળ રાજસ્થાનના ૩૬ વર્ષીય રાજેશકુમાર બનવારીલાલ જાટ ઓનલાઈન ઠગાઈનો ભોગ બન્યા છે.

ઈન્વેસ્ટમેન્ટના નામે તેમની પાસેથી કુલ ૧,૨૮,૪૩૬ ની રકમ પડાવી લેવાતાં કડોદરા જીઆઈડીસી પોલીસ મથકે સત્તાવાર ગુનો નોંધાયો છે.

ઘટનાની વિગત મુજબ ૧ ફેબ્રુઆરી-૨૦૨૬ના રોજ રવિવારની રજા દરમિયાન રાજેશકુમારના ટેલિગ્રામ પર 'નેહલ શર્મા ઓફિશિયલ સર્ટિફાયર' નામના આઈડી પરથી મેસેજ આવ્યો હતો. આરોપીએ વિવિધ કંપનીઓમાં રોકાણ કરવાથી મોટા આર્થિક ફાયદાની લાલચ આપી હતી. લાલચમાં આવી રાજેશકુમારે ટેલિગ્રામ લિંક દ્વારા પોતાની અંગત માહિતી ભરી શરૂઆતમાં મેમ્બરશિપ પેટે ૧,૯૯૯ જમા કરાવ્યા હતા. વિશ્વાસ કેળવવા આરોપીએ તુરંત ૨,૩૦૦ રિફંડ કર્યા હતા.

વિશ્વાસ બેસી જતાં આરોપીએ વધુ ૬,૯૯૯ માંગ્યા હતા, જે ચૂકવ્યા બાદ રિફંડ માંગતાં આરોપીએ સિસ્ટમ હેક હોવાનું બહાનું બતાવ્યું હતું. ત્યારબાદ ૧ ફેબ્રુઆરીથી ૨૬ માર્ચ-૨૦૨૬ દરમિયાન અલગ-અલગ બહાનાં હેઠળ ફરિયાદીના ઈન્ડસઈન્ડ અને કોટક બેંક ખાતામાંથી કુલ ૧,૨૮,૪૩૬ વિવિધ UPI આઈડીમાં ટ્રાન્સફર કરાવી લીધા હતા.

ફરિયાદીએ નાણાં પરત માંગતાં આરોપીએ ટેલિગ્રામ એકાઉન્ટ બંધ કરી દીધું હતું. ઠગાઈનો અહેસાસ થતાં રાજેશકુમારે ૨૭ માર્ચ-૨૦૨૬ના રોજ સાયબર હેલ્પલાઈન ૧૯૩૦ પર ફરિયાદ નોંધાવી હતી. આ અરજીના આધારે કડોદરા જીઆઈડીસી પોલીસે ગુનો નોંધી, પોલીસ ઈન્સ્પેક્ટર વાઘજી અમરાભાઈ દેસાઈના માર્ગદર્શન હેઠળ તપાસ શરૂ કરી છે.

**:: વેચાણ બાબત જાહેર નોટીસ ::**

આથી જાહેર જનતા જોગ જણાવવાનું કે મોજે ગામ વિહાણ, તા. કામરેજ, જિ.સુરતનાં, બ્લોક નં.૨૪૫, વાળી જમીન જેનું ક્ષેત્રફળ હે.આરે.ચોમી. ૦-૦૮-૮૫ જેનો આકાર રૂા. ૧-૧૫ વાળી જમીન ૧. માધુભાઈ નરસિંહભાઈ (૨) મોહનભાઈ નરસિંહભાઈ (૩) દિનેશભાઈ ચીગાભાઈ વસાવા તમામ રહે. વિહાણ તા. કામરેજ જિ. સુરત સંયુક્ત નામે ચાલી આવેલ છે. સદર મિલકત તેમની પાસે અમારા અસીલે વેચાણ રાખેલ છે જે જમીન અમારા અસીલ શ્રી ખરીદવા માગતા હોય જેથી સદર જમીનમાં અન્ય કોઈનો કોઈ પણ પ્રકારનો લાગ, ભાગ, હક્ક, હિસ્સો કે સરકારી કે અર્ધસરકારી ભરણું બાકી હોય કે લેણું બાકી હોય તો તે અંગે હમોને જાણ કરશોજી. સદર રજી. દસ્તાવેજ કરતા પહેલા કોઈનો કોઈપણ પ્રકારનો વાંધો હોય તો દિન-૧૦ માં પુરાવા સાથે અમોને સંપર્ક કરશોજી. જો તેમ કરવામાં કસુર કરશો તો આ નોટીશ થકી અમારા અસીલ એવુ માની કે સદર મિલકતમાં કોઈનો કોઈ પણ પ્રકારનો લાગ ભાગ હક્ક હિસ્સો ચાલી આવેલ નથી. અને સદર જમીનનાં દસ્તાવેજ કરાવી લેશે જે આ થકી નોંધ લેશો.

જનતા સેવા કોમ્પલેક્ષ, એમ.જી/ રોડ બારડોલી,
તા. બારડોલી. મો.૯૯૦૪૦ ૫૮૩૦૬

બી.એ.શેખ
એડવોકેટ

**જાહેર નોટીસ**

અમો એડવોકેટ **મનિષકુમાર પી. જોષી અંકલેશ્વર**ના તે અમારા અસીલ **સંદિપ લાભુભાઈ ઝડફીયા**, હાલ રહે.: ૧૧૧/૧૧૨, ગુરૂનગર સોસાયટી, વરાછા રોડ, બરોડા પ્રેસ્ટીજ સામે, સુરત સીટી, જિ.:- સુરતનાઓની સુચના અને ફરમાઈશ અન્વયે આ જાહેર નોટીસ આપી જણાવીએ છીએ કે,

ડી. ભરૂચ, સબ ડી. તા.:- હાંસોટાના મોજે ગામ કઠોદરાની સીમમાં નીચે મુજબની જુ.શ.ની ખેતીની જમીન આવેલ છે.

| ખાતા નંબર | બ્લોક/સર્વે નં. | ક્ષેત્રફળ હે.આ.ચો.મી. | આકાર રૂા.પૈસા. |
|---|---|---|---|
| ૪૮૩ | નવો નં.: ૪૪, જેનો જુનો નં.: ૩૮૮ | ૦-૧૭-૦૧ | ૨.૫૦ |

ઉપરોક્ત ખેતીની જમીન મનહરભાઈ રણછોડભાઈના સ્વતંત્ર માલિકી કબજા ભોગવટાની આવેલ છે. જે જમીન અમારા અસીલ જમીન માલિક પાસેથી ખરીદ કરનાર હોવાથી, સદર નોટીસથી જણાવવામાં આવે છે કે, સદર જમીન ઉપર જમીન માલિક સિવાય અન્ય કોઈપણ વ્યક્તિ, મંડળીઓ કે સંસ્થા કે કોઈના પણ કોઈપણ પ્રકારના લાગ, ભાગ, હક્ક, હીસ્સો, હીત સંબંધ હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં તે અંગેના પુરાવા સાથેની લેખિત જાણ અમોને અથવા અમારા અસીલને કરવી. સદર મુદતમાં તે અંગેની જાણ કરવામાં નહી અને તો કોઈના પણ સદર જમીનમાં કોઈપણ પ્રકારના લાગ, ભાગ, હક્ક, હીસ્સો, હીત સંબંધ વિગેરે નથી, તેમ માની અથવા તેવા તમામ હક્કો સ્વૈચ્છીક રીતે છોડી દીધેલ છે, તેમ માની અમારા અસીલ સદર જમીનનો રજી. વેચાણ દસ્તાવેજ કરાવી લેશે, અને ત્યારબાદ કોઈપણ પ્રકારની તર-તકરાર ચાલશે નહીં જેની ખાસ નોંધ લેશો.

સ્થળઃ- અંકલેશ્વર
તા. ૨૯/૦૭/૨૦૨૬

અસીલની સુચનાથી,
**મનિષકુમાર પી. જોષી** (એડવોકેટ અને નોટરી)
૪૦, અમરદિપ સોસાયટી, જી.ઈ.બી.ઓફિસ પાસે, ઓ.એન.જી.સી. ઓવરબ્રીજ નીચે, મુ.પો.:-અંકલેશ્વર, તા.:-અંકલેશ્વર, જિ.:-ભરૂચ-૩૯૩૦૦૧ મો.નં.:-૯૨૬૫૬૫૯૭૩૦

## ગુરુપૂર્ણિમા

### માંડવીના બિલકેશ્વર મહાદેવ મંદિરે કાર્યક્રમ



માંડવીઃ માંડવીના પૌરાણિક બિલકેશ્વર મહાદેવ મંદિરે સ્વામી વી.ડી. સ્વામી અને મુક્તાનંદ સ્વામીના દિવ્ય સાંનિધ્યમાં ગુરુપૂર્ણિમા ઉજવાઈ હતી. આ પવિત્ર પ્રસંગે સ્વર્ગસ્થ સ્વામી યોગેશ્વર દેવની ભવ્ય પ્રતિમા સ્થાપિત કરાઈ હતી. સાથે પંચકુંડી લઘુરુદ્ર યજ્ઞ યોજાયો હતો. આ પ્રસંગે ધારાસભ્ય કુંવરજીભાઈ હળપતિ, નટુભાઈ રબારી, પ્રિતેશભાઈ રાવળ, નરેશભાઈ વિયાણી, મગનભાઈ પટેલ, નીતિશભાઈ મુંબઈવાળા, સુભાષભાઈ પટેલ, હસુભાઈ પટેલ હાજર રહ્યા હતા.

### બારડોલીમાં ગુરુપૂર્ણિમા પર્વે મંદિરોમાં શ્રદ્ધાળુઓનું ઘોડાપૂર ઊમટ્યું




બારડોલીઃ બુધવારે ગુરુપૂર્ણિમા નિમિત્તે બારડોલી અને આસપાસના વિસ્તારનાં મંદિરોમાં શ્રદ્ધાળુઓનું મહેરામણ ઊમટી પડ્યું હતું. બારડોલી સ્થિત જલારામ મંદિરમાં સવારે પાદુકાપૂજન તથા મહાઆરતી અને સાંજે ભજન સંધ્યાનું સુંદર આયોજન કરાયું હતું. આ ઉપરાંત, અંબિકાનિકેતન મંદિર, બાપા સીતારામ મંદિર તેમજ ધામડોદ લુંભા ખાતે આવેલા રંગ અવધૂત આશ્રમમાં પણ વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા. આ પવિત્ર પ્રસંગે અનેક સ્થળોએ મહાપ્રસાદ અને ભંડારાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું, જેનો મોટી સંખ્યામાં ભાવિકોએ લાભ લીધો હતો. સમગ્ર બારડોલી પંથક આજે ગુરુભક્તિના રંગે રંગાઈને ભક્તિમય બની ગયું હતું.

### નિઝરની સરદાર વલ્લભભાઈ વિદ્યાલયમાં કાર્યક્રમ

કુકરમુંડાઃ નિઝરના સરદાર વલ્લભભાઈ વિદ્યાલય ખાતે બુધવારે ગુરુપૂર્ણિમા પર્વની શ્રદ્ધા અને ભક્તિભાવપૂર્વક ઉજવણી કરાઈ હતી. કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓએ ગુરુ મહિમાનું વર્ણન કરતાં ભજનો, ભક્તિગીતો, વક્તવ્યો તેમજ ગુરુ પ્રત્યેના પોતાના મનોગત રજૂ કરી સૌનું મન મોહી લીધું હતું.

### વાંકલમાં ગુરુ પૂર્ણિમાની ઉજવણી કરાઈ



વિનોદ મૈસુરીયા

વાંકલઃ માંગરોળના વાંકલ સ્થિત 'પ્રયોજન રેસીડેન્સી' ખાતે સત કૈવલ સંપ્રદાય દ્વારા ગુરુ પૂર્ણિમાની ભવ્ય ઉજવણી કરાઈ હતી. ડો.હિરેનભાઈ ચૌધરીના સાંનિધ્યમાં યોજાયેલી ૨૫૧ પાટલાની મહાપૂજામાં ૫૦૦થી વધુ શ્રદ્ધાળુઓએ લાભ લીધો હતો. આ પ્રસંગે દાતાઓએ દાનની સરવાણી વહાવી હતી. કથા, આરતી અને મહાપ્રસાદ સાથે સંપન્ન થયેલા આ આયોજનથી સમગ્ર વિસ્તાર ભક્તિમય બની ગયો હતો.

### ભરૂચ જિલ્લામાં ગુરુપૂર્ણિમા ઉજવાઈ



અંકલેશ્વર, ભરૂચઃ અંકલેશ્વર અને ભરૂચ જિલ્લામાં ગુરુપૂર્ણિમા મહોત્સવ શ્રદ્ધા અને ભક્તિસભર વાતાવરણમાં ભવ્ય રીતે ઉજવાયો હતો. અંકલેશ્વરના પંચાતી બજારસ્થિત કબીર આશ્રમ ખાતે વિશેષ પૂજા, ભજન અને મહાપ્રસાદનું આયોજન કરાયું હતું. આ પ્રસંગે રાજ્યના મંત્રી ઈશ્વરસિંહ પટેલે ઉપસ્થિત રહી સંત ગુરુચરણદાસજીનું પૂજન કરી આશીર્વાદ મેળવ્યાં હતાં. બીજી તરફ હાંસોટના ખરચ સ્થિત દત્તાશ્રય આશ્રમ ખાતે આચાર્ય ભાવિન પંડ્યા અને મનન પંડ્યાનાં સાંનિધ્યમાં પાદુકા પૂજન, મંત્રદીક્ષા અને મહાઆરતી યોજાયા હતા, જેમાં હજારો શ્રદ્ધાળુઓ ઊમટ્યા હતા. ઉપરાંત અંકલેશ્વરની તક્ષશિલા વિદ્યાલય અને પી.પી.સવાણી સ્કૂલમાં વિદ્યાર્થીઓએ ઋષિ-શિષ્યની વેશભૂષા, નાટ્ય રજૂઆત, વ્યાસપૂજન તેમજ ગૌરીવ્રત નિમિત્તે મહેંદી અને હેરસ્ટાઇલ સ્પર્ધાઓ યોજીને ગુરુમહિમાની ઉજવણી કરી હતી.

Milano MULTIPLEX
બારડોલી
Spider-Man:Brand New Day-2D 10:00am, 01:00pm, 04:00pm, 07:00pm, 10:00pm
Hip Hip Hurray-Gujarati 02:00pm, 06:00pm
Maaran-Gujarati - 05:00pm
Bhai Tera Star Hai - 03:30pm
Dhamaal 4 - 11:00am, 09:00pm
Jan Neta - 12:00pm, 09:30pm,
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્કઃ 98791 33333

**જાહેર નોટીશ**

જત આથી અમો કિરણસિંહ આઈ. પરમાર એડવોકેટ તે અમારા અસીલશ્રી ૧. દિલીપસિંહ મહોબતસિંહ વાંસીયા, ૨. રાજેન્દ્રસિંહ મહોબતસિંહ વાંસીયા, રહે .મુ .પો .લીંબાડા, તા .માંગરોળ, જિ.સુરત હાલ રે : વિદેશ આ જાહેર નોટિસ આપવાની સ્પષ્ટ સુચના હમોને આપેલ હોય તેઓની સ્પષ્ટ સુચના અને ફરમાઈશ અન્વયે આ જાહેર નોટિસ આપતા જણાવીએ છીએ કે,

ડિ.સુરત, તા. માંગરોળ, મોજે ગામ લીંબાડાની બ્લોક નં .૫૯૯, સર્વે નં .૯૫૦, ૯૫૧, ૯૫૩, ખાંતા નં .૨૬૧ જેનુ કુલ ક્ષેત્રફળ ૦-૮૫-૬૧ હે.આરે.ચો.મી., આકાર ૯.૩૭ વાળી દિલિપ મહોબતસિંહ વાંસીયા તથા રાજેન્દ્રસિંહ મહોબતસિંહ વાંસીયા ના માલિકી કબજા ભોગવટાવાળી ખેતીની જમીન ચાલી આવેલ છે, તેઓએ કોઈને સદરહુ જમીન બાબતે કોઈ લેખિત લખાણ કે પાવર ઓફ અટ્રોર્ની લખી આપેલ હોય તો સદર જાહેર નોટિશ એ તમામ રદ બાતલ કરીએ છીએ.

સદર જમીનમાં ખેતી કરી ઉત્તપાદન કરવાની કોઈપણ વ્યક્તિને અમારા અસીલોએ સુચના આપેલ નથી. કે અમારી જમીનમાં અમો માલિકો સિવાય કોઈએ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે પ્રવેશ કરવો નહીં તેવી સદર નોટિશથી જાહેર જનતાને જણાવીએ છીએ. તેમજ આજદિન સુધીના કરારો કે વ્યવહારો કોઈને પણ કરી આપેલ હોય તો તે મુળ માલિકોને કોઈપણ પ્રકારે કબુલ, મંજુર કે બંધનકર્તા ન હોય કોઈએ પણ સદર જમીનો પરત્વે તેવા કોઈપણ કરારો કે વહેવારો ઉપરોક્ત ઈસમો સાથે કરેલ હોય તો દિન-૭માં દસ્તાવેજી પુરાવા સહિત અમારા અસીલનો રૂબરૂ સંપર્ક કરવો . સદર જમીન પરત્વે કોઈપણ વ્યક્તિ સાથે કરેલ કોઈપણ કરાર કે વહેવાર બદલ મુળ માલિકો કોઈપણ પ્રકારે જવાબદાર નથી જેની લાગતા વળગતા સહુએ તથા જેહર જનતાએ ગંભીર નોંધ લેવી.

**કિરણસિંહ આઈ. પરમાર** - એડવોકેટ એન્ડ નોટરી
મુ.પો. નંદાવ, રજપૂત ફળીયુ, તા. માંગરોલ, વાયા : હથુરણ, જી. સુરત.-પીન-૩૯૪૧૨૫